# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **ખાસ મતદાર સુધારણા અભિયાન સહિતના મુદ્દાઓ પર વિરોધ પક્ષોના ભારે હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી ખોરંભે.**
2. **સરના મામલે વિરોધ પક્ષોનું સંસદ બહાર વિરોધ પ્રદર્શન.**
3. **રશિયાનું 2030 સુધીમાં ભારત સાથે 100 અબજ ડોલરના વેપાર સુધી પહોંચવાનું લક્ષ્યાંક.**
4. **ઊર્જા, સંરક્ષણ અને વેપારમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા અંગે ભારત અને અમેરિકા વચ્ચે ચર્ચા**
5. **ઇમરાન ખાન અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ, પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# REV. PARLIAMENT

મતદાર યાદીમાં ખાસ સઘન સુધારા સહિત વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષોના હોબાળાને કારણે લોકસભા પ્રથમ બપોરે 12 વાગ્યા સુધી બાદમાં 2 વાગ્યા સુધી જ્યારે રાજ્યસભા બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.

સવારે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં અધ્યક્ષ ઓમ બિરલાએ જ્યોર્જિયાથી આવેલા સંસદીય પ્રતિનિધિમંડળનું સ્વાગત કર્યું. શ્રી બિરલાએ કહ્યું કે , આ મુલાકાત બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગ અને સંબંધોને વધુ મજબૂત બનાવશે.

લોકસભામાં પ્રશ્નકાળ શરૂ થતાં વિરોધ પક્ષોએ મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા સહિત વિવિધ મુદ્દાઓ પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા પરંતુ હોબાળા વચ્ચે પણ મંત્રીઓએ સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

જોકે, કોંગ્રેસ, TMC, DMK, SP અને અન્ય વિપક્ષી સભ્યોએ ગૃહની મધ્યમા ધસી જઈને SIR અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માંગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજ્યસભામાં પણ આ જ મુદ્દાઓ અંગે ભારે શોરબકોર થતાં ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી મુલતવી કરાઇ હતી.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રીજીજુએ વિપક્ષોના નેતાઓની સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન ઓફ ઇલેક્ટોરલ રૉલિસ્ટ SIR ના મુદ્દા પર સંસદની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા બદલ ટીકા કરી છે.

## બાઇટ- કિરણ રિજજ્જુ, સંસદીય બાબતોના મંત્રી

દરમિયાન રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને અન્ય લોકો સહિત વિપક્ષોના નેતાઓએ આજે સંસદની બહાર વિરોધ પ્રદર્શન કર્યું અને SIR ને પાછું ખેંચવાની માંગ કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - COOPERATIVES

**ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સરકારે છેલ્લા ચાર વર્ષમાં સહકારી ક્ષેત્રમાં અનેક ક્રાંતિકારી પગલાં લીધા છે.**

**આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા , સહકાર રાજ્યમંત્રી મુરલીધર મોહોલે જણાવ્યું હતું કે , સરકારે દેશમાં સહકારી મંડળીઓને મજબૂત બનાવવા માટે સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે.**

**તેમણે કહ્યું કે, દેશભરમાં આઠ લાખ સહકારી મંડળીઓ છે , અને લગભગ 30 કરોડ લોકો આ મંડળીઓ સાથે સીધા સભ્યો તરીકે જોડાયેલા છે. શ્રી મોહોલે કહ્યું કે આજે દેશની 50 ટકા વસ્તી સહકારી મંડળીઓ સાથે જોડાયેલી છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS - FISHERIES

મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી મંત્રી રાજીવ રંજન સિંહે ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે તમામ ક્ષેત્રો અને તમામ રાજ્યોમાં વિકાસ અને પ્રગતિ ખૂબ જ મહત્વપૂર્ણ ગણાવ્યા છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી સિંહે કહ્યું કે, પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના દ્વારા મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં ક્રાંતિ આવી છે. તેમણે પશ્ચિમ બંગાળ સરકાર કેન્દ્ર દ્વારા આ યોજના હેઠળ જાહેર કરાયેલ રકમનો ઉપયોગ નથી કરી રહી તેણે દુર્ભાગ્યપૂર્ણ કહ્યું હતું.

મંત્રીએ કહ્યું કે, પ્રસ્તાવિત 221 કરોડ રૂપિયામાંથી, 114 કરોડ રૂપિયા કેન્દ્ર દ્વારા પહેલાથી જ જાહેર કરવામાં આવ્યા છે પરંતુ રાજ્ય સરકારે ફક્ત 58 કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે. તેમણે કહ્યું કે , કોઈપણ યોજનાની સફળતા માટે , રાજ્ય સરકારનો સહયોગ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA-INDIA-100 BILLION TRADE

રશિયા **2030** સુધીમાં ભારત સાથે **100** અબજ ડોલરના વેપાર સુધી પહોંચવાનું લક્ષ્ય ધરાવે છે. રશિયાના પ્રથમ નાયબ પ્રધાનમંત્રી ડેનિસ મન્તુરોવે એક મુલાકાતમાં આ વાત કહી હતી અને આ લક્ષ્યને ખરેખર મહત્વાકાંક્ષી ગણાવ્યું હતું.

મન્તુરોવે કહ્યું કે રશિયા સહકાર માટેની પરિસ્થિતિઓમાં સુધારો કરીને વ્યાપારિક સંબંધોને સમર્થન આપે છે. તેમણે નોંધ્યું હતું કે આંતર-સરકારી કમિશનની નિયમિત બેઠકો રોકાણ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં મદદ કરે છે.

સફળ સહયોગ પર પ્રકાશ પાડતા , મન્તુરોવે ભારતમાં વંદે ભારત ટ્રેનોના સંયુક્ત ઉત્પાદન તરફ ધ્યાન દોર્યું હતું, તેમણે ઉમેર્યું હતું કે અન્ય પ્રોજેક્ટ્સ વિકાસ હેઠળ છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે મુક્ત વેપાર કરાર ( **FTA)** માટે વાટાઘાટો શરૂ કરવામાં આવી છે, જેનો પ્રથમ રાઉન્ડ તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયો હતો.

રશિયાને લક્ષ્ય બનાવતા પશ્ચિમી પ્રતિબંધો છતાં , મન્તુરોવે ભાર મૂક્યો હતો કે ભારત સાથે દ્વિપક્ષીય વેપાર માત્ર જાળવી રાખવામાં આવ્યો નથી પરંતુ રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# FM- GLOBAL FORUM

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે આજે જણાવ્યું કે , ભારત માટે કર બાબતોમાં પારદર્શિતા હંમેશા વહીવટી સુધારાઓથી આગળ વધી છે. નવી દિલ્હીમાં 18મી ગ્લોબલ ફોરમ પ્લેનરી મીટિંગને સંબોધતા , નાણાંમંત્રી ભાર મૂક્યો કે દેશ આર્થિક શાસનના ઊંડા સિદ્ધાંતને સ્પર્શે છે જે ન્યાયીપણા અને જવાબદારી પર આધારિત હોવો જોઈએ.

વિકાસ પર પારદર્શિતાના સીધા પ્રભાવ પર ભાર મૂકતા , શ્રીમતી સીતારમણે કહ્યું કે જ્યારે રાષ્ટ્રીય સંપત્તિ કાયદેસર કરવેરામાંથી બહાર નીકળી જાય છે ત્યારે તે માત્ર આવકમાં જ નહીં પરંતુ વિકાસમાં પણ અંતર બનાવે છે. તેમણે એ પણ નોંધ્યું હતું કે પારદર્શિતાને પાલનના સાધન તરીકે નહીં પરંતુ ટકાઉ વિકાસ અને નાણાકીય સ્થિતિસ્થાપકતાના પાયા તરીકે પણ જોવી મહત્વપૂર્ણ છે.

મંત્રીએ કહ્યું કે છેલ્લા દાયકામાં દેશમાં સ્વૈચ્છિક કર પાલન નોંધપાત્ર રીતે મજબૂત બન્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે નાગરિકો હવે કર પ્રણાલીમાં ભાગ લેવા માટે વધુ તૈયાર છે જ્યારે તેમને ખાતરી આપવામાં આવે છે કે પ્રામાણિકતાને પુરસ્કાર આપવામાં આવે છે અને કરચોરીનો કડક રીતે સામનો કરવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KWATRA-SENATORS MEET

અમેરિકામાં ભારતના રાજદૂત વિનય ક્વાત્રાએ ઊર્જા , સંરક્ષણ અને વેપારમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા પર અમેરિકન કાયદા નિર્માતાઓના જૂથ સાથે ફળદાયી વાતચીત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ક્વાત્રાએ કહ્યું કે વોશિંગ્ટનમાં રાજદૂતના સત્તાવાર નિવાસસ્થાન, ઇન્ડિયા હાઉસ ખાતે યુએસ સેનેટર લિન્ડસે ગ્રેહામ, રિચાર્ડ બ્લુમેન્થલ, શેલ્ડન વ્હાઇટહાઉસ, પીટર વેલ્ચ, ડેન સુલિવાન અને માર્કવેન મુલિન સાથે બેઠક કરી હતી.

તેમણે નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે મજબૂત સંબંધો માટે તેમના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો.ગઈકાલે તેઓ જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના અધ્યક્ષ જનરલ ડેન કેઈનને મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMRAN KHAN-PTI PROTEST

પાકિસ્તાન તહરીક-એ-ઇન્સાફ, પીટીઆઈએ આજે ઇસ્લામાબાદ હાઇકોર્ટ અને રાવલપિંડીની અદિયાલા જેલ બહાર વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. પાકિસ્તાનના જેલમાં બંધ ભૂતપૂર્વ  પ્રધાનમંત્રી ઇમરાન ખાન પક્ષના નેતાઓ અને તેમના પરિવાર માટે પણ સંપર્ક વિહોણા રહ્યા છે.

સરકારે સભા સરઘસ બંધી ફરમાવી છે.જેના કારણે ખાનની સ્થિતિ અંગે ચિંતા વધી ગઈ છે. ઇમરાન ખાનના સ્વાસ્થ્ય અને તેમના મૃત્યુ અંગેની અફવાઓ ફેલાતી રહેતી હોવાથી અધિકારીઓએ ઇસ્લામાબાદ અને રાવલપિંડીમાં કલમ **144** લાગુ કરી છે.

પીટીઆઈ નેતા અસદ કૈસરે જણાવ્યું હતું કે બંને ગૃહોના વિપક્ષી ધારાસભ્યો અદિયાલા જેલ તરફ કૂચ કરતા પહેલા હાઇકોર્ટની બહાર ભેગા થશે. અદિયાલા જેલના અધિકારીઓએ બધી અફવાઓને ફગાવી દીધી છે અને કહ્યું છે કે તેમને જેલમાંથી ખસેડવામાં આવ્યા નથી.

તેમણે કહ્યું કે તેમની તબિયત સારી છે અને તેમને સંપૂર્ણ તબીબી સારવાર મળી રહી છે. જેલ અધિકારીઓએ સ્વાસ્થ્ય સંબંધિત અફવાઓને પાયાવિહોણી ગણાવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IMRAN KHAN-HUMAN RIGHTS

પાકિસ્તાનના માનવઅધિકાર પંચે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી  ઇમરાન ખાન માટે પ્રતિબંધિત અટકાયતની શરતો અનેપરિવારની મુલાકાતો પર કથિત મર્યાદાઓ અંગેના અહેવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.માનવાધિકાર સંગઠને પાકિસ્તાન સરકાર અને પંજાબ પ્રાંતીય ગૃહ વિભાગને તમામ પગલાંબંધારણીય યોગ્ય પ્રક્રિયા સુરક્ષા અને માનવીય વર્તન માટેના આંતરરાષ્ટ્રીય ધોરણોઅનુસાર હોય તેની ખાતરી કરવા જણાવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# FLIGTH EMERGENCY LEADNING

કુવૈત-હૈદરાબાદ ઇન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટને બોમ્બની ધમકી મળ્યા બાદ મુંબઈ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે અને તેમને એરપોર્ટના આઇસોલેશન બેમાં ખસેડવામાં આવ્યા છે.

કુવૈતથી હૈદરાબાદ જતી ઇન્ડિગો ફ્લાઇટને બોમ્બની ધમકી મળ્યા બાદ મુંબઈ તરફ વાળવામાં આવી હતી અને ત્યાં સલામત ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી હતી. કુવૈતથી ઉડાન ભરી રહેલા વિમાનમાં બોમ્બની ધમકીનો સંદેશ હતો. આ ધમકીનો સંદેશ ઇમેઇલ દ્વારા આવ્યો હતો અને દિલ્હી એરપોર્ટ દ્વારા પ્રાપ્ત થયો હતો.

આ પછી , કુવૈતથી હૈદરાબાદ જતી ઇન્ડિગો ફ્લાઇટનું મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું, જ્યાં તે સુરક્ષિત રીતે ઉતર્યું હતું અને તમામ મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# SYED MUSHQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ઍલિટ ટી-20 મેચમાં આજે સૌરાષ્ટ્ર અને ઝારખંડ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હમણાં થોડી જ ક્ષણમાં આ મેચ શરૂ થશે. સૌરાષ્ટ્રની ટીમ સુકાની જયદેવ ઉનડકટ અને ઝારખંડની ટીમ ઈશાન કિશનના સુકાની પદ હેઠળ મેદાનમાં ઉતરશે.

હાલમાં મળતા, અહેવાલ મુજબ, ઝારખંડ / સૌરાષ્ટ્ર-એ ટૉસ જીતીને બૉલિંગ / બેટિંગ પસંદ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# DAY TN. DEEP DEPRESSION

ચક્રવાતી વાવાઝોડું દિતવાહ   આજે વધુ નબળું પડીને ડિપ્રેશનમાં ફેરવાયુ છે. આ ચક્રવાત બંગાળની ખાડીના દક્ષિણપશ્ચિમ અને નજીકના વિસ્તારો અને ઉત્તર તમિલનાડુ અને દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠે 3 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BANGLADESH- EARTHQUAKE

**ચટ્ટોગ્રામ સહિત બાંગ્લાદેશના કેટલાક ભાગોમાં આજે વહેલી સવારે હળવો ભૂકંપ અનુભવાયો હતો. બાંગ્લાદેશ હવામાન વિભાગે જણાવ્યું કે , રિક્ટર સ્કેલ પર 4.9 ની તીવ્રતાનો ભૂકંપ રાત્રે 12:55 વાગ્યે નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ઢાકાથી 431 કિલોમીટર દક્ષિણપૂર્વમાં મ્યાનમારના મિંગિનમાં હતું.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .